નારની શાળામાં ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓના વર્ગો શરૂ કરાયાનો વિવાદ

પેટલાદ, પેટલાદ તાલુકાના નાર ગામમાં આવેલી બીઆરએલ શાળા વિવાદમાં સપડાઈ છે. સરકારના નિયમો વિરૂદ્ધ શાળામાં શૈક્ષણિકકાર્ય શરૂ કરી દેવાયાનો ઉહાપોહ થવા પામ્યો છે. આ અંગેની જાણ પણ જિલ્લા શિક્ષણાધિકારી પાસે પહોંચી હતી. ધો.૧૨ સાયન્સનું નબળુ પરિણામ આવતા શાળા પ્રસાશન અને વાલીમંડળે બેઠક યોજ્યા બાદ ધો.૧૨નો વર્ગ શરૂ કરવાનો નિર્ણય કર્યાની ચર્ચાઓ ચાલી રહી છે. કોરોના મહામારીમાં ભારત સરકારે અગાઉ તબકકાવાર લોકડાઉન અને બાદમાં અનલોક-૧ જાહેર કર્યુ હતું. આ સમયમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવા અંગેનો નિર્ણય રાજ્ય સરકારો પર છોડ્યો હતો. ગુજરાત સરકારે રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિ જોતા ૧૫ આુગસ્ટ બાદ શૈક્ષણિક કાર્યો શરૂ કરવા અંગે નિર્ણય કર્યો હતો. જેથી ૧૫ આુગસ્ટ સુધી કોઈ પણ શાળા, કોલેજ કે યુનિવર્સિટી દ્વારા શિક્ષણ કાર્ય શરૂ ન કરવા માટે આદેશ કર્યો હતો. બીજી તરફ શાળાઓ અને વિદ્યાર્થીઓની રાહત માટે ઓનલાઈન શિક્ષણ આપવા માટે પણ અનુરોધ કરાયો હતો. દરમ્યાન પેટલાદ તાલુકાના નાર ગામે આવેલ બીઆરએલ શાળાએ સરકારી આદેશને ધ્યાને લીધા વિના છેલ્લા ૧૫ દિવસથી શાળામાં ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય શરૂ કરી દીધુ હતુ. આ ઘટના મીડિયાના માધ્યમથી સામે આવતા જ ઉહાપોહ મચવા પામ્યો હતો. આ અંગેની જાણચ થતાં જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા બંધ કરાવી હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે, સમગ્ર મામલે કોરોના ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવા સાથે વાલીઓએ લેખિતમાં રજૂઆત કરીને સંમતિ આપી હતી. બીજી તરફ ધો.૧૨ સાયન્સના વર્ગમાં માત્ર ૧૪ વિદ્યાર્થીઓ હોવાથી સોશિયલ ડિસ્ટન્સનું પાલન સહિતની બાબતોને પણ ધ્યાને લેવામાં આવી હોવાનું જાણવા મળે છે. વધુમાં આ વિસ્તારમાં કોરોના સંક્રમણ ન હોવાના કારણે અને મોબાઈલ ફોન-નેટવર્ક સમસ્યાને ધ્યાને લઈને શાળા દ્વારા શરુ કરાયેલ વર્ગો આપત્તિજનક બાબત ન હોવાનો સૂર પણ જાગૃતજનોએ વ્યકત કર્યો હતો.

પશુ દવાખાનાઓનો વહીવટ ખાનગી કંપનીઓને આપવાનો કોંગ્રેસનો સરકાર પર આક્ષેપ

અમદાવાદ, તારીખ ૨૨.૦૬.૨૦૨૦ ના રોજ મોબાઈલ પશુ દવાખાનાનું રાજ્યના મુખ્યમંત્રીએ રાજ્યના ૪૬૦ પશુ દવાખાનાનો વહીવટ ૧૦૮ ના કર્મચારીઓનુ શોષણ કરતી GVK EMRI ખાનગી કંપનીને આપીને તેનુ લોકાર્પણ સમારોહ યોજ્યોપ. આમ રાજ્ય સરકાર પોતાના તંત્ર કરતા ખાનગી કંપનીઓ ઉપર વધુ ભરોસો રાખી રહી છે તેવુ આ નિર્ણય પરથી સાબિત કરીને ગુજરાતના મુખ્યમંત્રીએ એક કલમ જાટકે રાજ્ય ફરજ બજાવતા લાયકાત ધરાવતા ૪૬૦ પશુચિકિત્સકોને બેરોજગાર કર્યા છે. GVK EMRI કંપનીએ સરકારને પ્રથમ આયોજનમા ૧૦૮ પશુ ચિકિત્સકોની યાદી આપી છે તે રાજ્યના પશુ પાલન વિભાગે તેની ખરાય કર્યા વગર સીધી જીલ્લાના નાયબ પશુપાલન નિયામકશ્રીને / જીલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપી છે, અમોએ આ યાદીમા સામેલ અમુક પશુ ચિકિત્સકનો સંપર્ક કરતા તેઓને આ નોકરી અંગે પુરતી જાણ પણ નથી અને તેમને ફરજ ઉપર હાજર થવાની જાણ પણ નથી આમ GVK EMRI કંપનીએ રાજ્ય સરકારને ખોટી યાદી આપી છે તે પશુ ચિકિત્સકની નિમણૂકની ઔપચારિકતા કર્યા વગરની છે, આમ સાબિત થાય છે કે GVK EMRI ખાનગી કંપની રાજ્ય સરકારને ગેરમાર્ગે દોરી રહી છેપ અને આ યાદીમા સામેલ પશુ ચિકિત્સકો બીજા રાજ્યના માલુમ પડે છે ત્યારે બીજો સવાલ ઉભો એ થાય છે કે તેમને ગુજરાતી ભાષા પણ નથી આવડતી જે ફિલ્ડ ઉપર અનેક પ્રશ્નો ઉભા કરશે. રાજ્ય સરકાર એ કેમ ભુલી જાય છે ગુજરાતની પશુપાલન વિભાગ દ્વારા ૪ કોલેજમા દર વર્ષે ૨૭૦ જેટલા પશુ ચિકિત્સકો લાયકાત સાથે બહાર પડે છે, આજે ૪૬૦ પશુ ચિકિત્સકોને છુટા કર્યા એટલે રાજ્યમા ૮૦૦ થી વધુ જગ્યા ખાલી પડી છે અને રાજ્યમા કુલ બેરોજગાર ૭૦૦ જ પશુ ચિકિત્સકો છે, જો સરકાર ધારે તો તમામ બેરોજગાર પશુ ચિકિત્સકોને નોકરી આપે તો એક પણ પશુ ચિકિત્સક બેરોજગાર ગુજરાતમા ન રહે આમ રાજ્ય સરકાર પશુ પાલકોના પશુઓની સારવાર માટે જુની પદ્ધતિ અને માળખુ છે તેમા ખામી ખરાબી શોધીને દુરસ્તતા કરવાને બદલે રાજ્ય ની તેજુરી ઉપર ભારરુપ બનતી અને સ્થાનિક યુવાનોને બેરોજગાર કરતી નફાખોર કંપનીને શા માટે આગળ કરાવાનો આગ્રહ રાખે છે ? કોર્ટમા ગેરલાયક ઠરેલા ધારાસભ્યને ઉપલી કોર્ટ તેને ન્યાય આપે છે આ કાગળની ચબરખી પકડાવતી રાજ્ય સરકારના ૪૬૦ પશુ ચિકિત્સકોને દેશની કઈ કોર્ટ ન્યાય આપશે ? રાજ્ય સરકારને મારો આગ્રહ અને અપિલ છે કે ગુજરાતના બેરોજગાર યુવાનોને આર્થિક, માનસિક અને પારીવારીક શોષણ કરતી જેવી કે GVK EMRI ખાનગી કંપનીના મોહમાથી બહાર આવે અને પોતાના તંત્રમા ભરોસો રાખી તેમની પાસેથી કામ લેવાની ક્ષમતા કે આવડત કેળવે અને છુટા કરેલા ૪૬૦ પશુ ચિકિત્સકોને ફરજ પર કાયમી ધોરણે હાજર કરવાનો હુકમ કરે.

સોજીત્રામાં ડામર રોડની કામગીરીમાં ગેરરીતિ હોવાની કાઉન્સિલરની રજૂઆત

સોજીત્રા, સોજીત્રા નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ ડામર રોડની કામગીરી નિયમોનુસાર ન થતી હોવા સહિત તેમાં ગેરરીતિ હોવાના આક્ષેપ સાથે કાઉન્સિલર દ્વારા પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેથી પાલિકાના રાજકારણમાં પુનઃ ગરમાવો વ્યાપ્યાનું ચિત્ર જોવા મળી રહ્યું છે. સોજીત્રા પાલિકાના કાઉન્સિલર મહેબુબભાઈ વહોરાએ પાલિકા પ્રમુખ, ચીફ ઓફિસરને અગાઉની બેઠકમાં સર્વાનુમતે મંજૂર થયેલ અને હાલ ચાલતી રોડની કામગીરીમાં ગેરરીતિ હોવાથી તેની તપાસ કરવા લેખિતમાં રજૂઆત કરી છે. વધુમાં રોડની કામગીરીમાં સ્થળ તપાસ ન થતી હોવાનું, ગટર લાઇનની કુંડીની જગ્યા ન છોડાયાની અને થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન સિવાય રોડની કામગીરીના નાણાં ન ચૂકવવા માંગ કરી છે.

ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસેસ લીમીટેડ
એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ભારત.
CIN: L65910GJ1994PLC023393, ફોન નં. +91-79-2642-7428
www.ifinservices.com, info@ifinservices.com

નોટીસ

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯(૧)(એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૧મી માર્ચ, ૨૦૨૦ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટરના અંતના ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે એ-૧૦૦૬, પ્રિમીયમ હાઉસ, હેન્ડલૂમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ -૩૮૦૦૦૯ ખાતે આવેલ છે ત્યાં **૩૦મી, જૂન ૨૦૨૦ મંગળવાર, સાંજે ૪.૦૦** વાગ્યે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીગ મળનાર છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના ઓર્ડર વતી
સહી/-
શ્રી ઉદયન માંડવીયા
મેનેજિંગ ડિરેક્ટર
ડીન: ૦૦૭૪૦૬૧૫

સ્થળ : અમદાવાદ
તારીખ: ૨૪/૦૬/૨૦૨૦

આણંદમાં બપોરે ધીમી ધારે પોણો ઈંચ વરસાદ ખાબકયા બાદ બફારો અનુભવાયો

આણંદ, આણંદ સહિત જિલ્લાવાસીઓ છેલ્લા અઠવાડિયાથી અસહ્ય ઉકળાટથી ત્રાહિમામ પોકારીને મેઘરાજાની આતૂર નયને રાહ જોઇ રહ્યા છે. બે દિવસથી સવારે આકાશમાં વાદળો છવાયા બાદ વરસાદ વરસશેની આશા વર્તાતી હતી. પરંતુ બપોર સુધીમાં વાદળો હટી જતા હતા. પરિણામે ઉકળાટથી સૌ પરેશાની અનુભવતા હતા. દરમ્યાન આજે સવારે દસેક વાગ્યાના સુમારે વાદળોની ફૌજ આકાશમાં વિહાર કરતી જોવા મળી હતી. આથી અષાઢી બીજે એટલે કે ગતરોજ વરસાદ ન વરસ્યો તો આજે ચોકકસ વરસશેનો વર્તારો વડીલોએ વ્યકત કર્યો હતો. આણંદમાં બપોરે બાર વાગ્યા બાદ ધીમે ધારે વરસાદ શરુ થયો હતો. લગભગ બે કલાકમાં પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો. આથી કામ અર્થ બહાર નીકળેલા સહિત ઘરે રહેલા નગરજનોએ પણ વરસાદમાં પલળવાનો આનંદ માણ્યો હતો. મુખ્ય માર્ગો પર પાણી છવાઇ જવા સાથે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાની સમસ્યા જોવા મળી હતી. જો કે બપોર બાદ અસહ્ય બફારાએ સૌને પરસેવે રેબઝેબ કર્યા હતા. ચારથી પાંચ કલાક સતત વરસાદ વરસે તો જ ધખારો ઓછો થાયની ચર્ચા વડીલો કરી રહ્યા હતા. જો કે આ સમય દરમિયાન ઉમરેઠ અને પેટલાદમાં માત્ર છાંટા વરસ્યા હતા. પરંતુ બપોરે ૨ વાગ્યા બાદ બોરસદ અને ખંભાતમાં અડધા ઈંચ ઉપરાંત વરસાદ ખાબકતા સૌ આનંદિત બન્યા હતા.

દારૂના નશામાં યુવક મોબાઈલ ટાવર પર ચઢતાં ગ્રામજનોના શ્વાસ અધ્ધર

પીપળી, બોરસદ તાલુકાના પીપળી ગામે બપોરના સમયે ગામનો જ એક વ્યક્તિ મોબાઈલ ટાવર પર ચડી જતા કુતૂહલ સર્જાયું હતું. ગ્રામજનોએ તેને નીચે ઉતારવા માટે પોલીસ અને ફાયર ફાઈટરની મદદ મંગાવી લીધી હતી. બાદમાં સમજાવટ કરીને તેને નીચે ઉતારતા હાશકારો વ્યાપી જવા પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર બોરસદ તાલુકાના પીપળી ગામમાં સુથારવાડા વિસ્તારમાં રહેતો હર્ષદભાઈ હરમાનભાઈ મકવાણા બુધવારની બપોરે કોઈપણ સમય ગામની ભાગોળે આવેલ મોબાઈલ કંપનીના ટાવર ઉપર ચડી ગયો હતો. જેની જાણ ઘણા સમય બાદ ગ્રામજનોને થતાં તેને પ્રથમ તો નીચે ઉતારવા માટે સમજાવ્યો હતો. પરંતુ તે ગ્રામજનોનું સાંભળતો ના હોય ગ્રામજનો દ્વારા ભાદરણ પોલીસ અને બોરસદ નગરપાલિકા ફાયર ફાઈટરને તાત્કાલિક બોલાવી લીધા હતા અને તેઓની મદદથી તેને ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ નશાની હાલતમાં હોય તે કોઈનું સાંભળતું ન હોય આખરે પોલીસ ફાયર ફાઈટર અને ગ્રામજનો તેને સમજાવીને સાંજના ૫.૩૦ કલાકે નીચે ઉતારી પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યો હતો. આ બાબતે ગ્રામજનોએ જણાવ્યું હતું કે તે જયારે જયારે વધુ પડતો દારૂ પી જાય છે ત્યારે આ ટાવર ઉપર ચડી જતો હોય છે. પરંતુ આ વખતે તે છેક ઉપર સુધી ચડી જતા તેને ઉતારવા માટે સરકારી તંત્રની મદદ લેવી પડી છે. યુવક ટાવર પર ચઢી ગયો હોઈ મોટી સંખ્યામાં લોકોના ટોળા જોવા માટે ઉમટી પડ્યા હતા.

Unjha Formulations Limited

REGD. OFFICE : KHALI CHAR RASTA, STATE HIGHWAY,SIDHPUR -384 151

AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31ST MARCH, 2020

Rs.in Lacs

Sr	Particulars	QUARTER ENDE 31.03.2020 Audited	UARTER ENDE 31.12.2019 Unaudited	YEAR ENDED 31.03.2020 Audited
1	Total Income Form Operations	266.97	227.53	1085.74
2	Net Profit / (Loss) for the period (before Tax,Exceptional and or Extraordinary items#)	(-28.85)	1.72	30.83
3	Net Profit / (Loss) for the period (before Tax, after Exceptional and or Extraordinary items#)	(-28.85)	1.72	30.83
4	Net Profit / (Loss) for the period (after Tax, after Exceptional and or Extraordinary items#)	(-28.85)	1.72	30.83
5	Total Comprensive Income for the period (Comprising	(-28.85)	1.72	30.83
	Profit / Loss) for the period (After Tax) and other Comprensive			
	Income (After Tax)			
6	Equity Share Capital	448.05	448.05	448.05
7	Reserve (Excluding Revaluation Reserve) as shown in the	19.50	19.50	19.50
	in the Audited Balance Sheet of previous year			
8	Earning Per Share (RS.10 Each) for continuing and			
	discountinued operations)			
	1) Basic	-0.64	0.03	0.69
	2) Diluted	-0.64	0.03	0.69

NOTES

1 The above results was presented and adopted by Audit committee and Board of Directors meeting held on 25.06.2020
2 Figure of previous year / period are regroupded wherever necessary.
3 There being only one segment of business, above represents figures of one segment.
4 The Company has no pending investor's complaints at the beginning and closing of the quarter.
5 **Reconciliation between financial results under India GAAP and Ind AS for the quarter and Year ended 31st March 2020 is as under**

Particulars	Three months ended 31st Rs. In Lacs March 2020	Three months ended 31st Rs. In Lacs March,2019
Net Profit/Loss after tax under previou GAAP	-28.85	-6.35
Add/Less: Adjustments for GAAP differences	0	0
a. Other Comprehensive Income	0	0
b. Deferred Tax on adjustment	0	0
Net Profit/Loss after tax as per Ind-AS	-28.85	-6.35

Place: Sidhpur
Date : 25.06.2020
CIN No.: L99999GJ1994PLC022932

Ganpat Prajapati
CFO

By order of the Board
For UNJHA FORMUALTIONS LIMITED
Mayank S. Patel
Managing Director

સરકાર રોજી-રોટી આપવાને બદલે પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારી ભારતીયોની કમાણી લુંટવામાં વ્યસ્ત : કોંગ્રેસ

અમદાવાદ, "બહુત હુઈ મહેગાઈ કી માર અબ કી બાર...:""અચ્છે દિન"જેવા સુત્રોથીપ્રજાની લાગણી જીતીને સત્તા મેળવનાર મોદી સરકારનાં શાસનના ૬ વર્ષમાં ૧૨ વખત પેટ્રોલ ડીઝલ પર મોટો ટેક્ષ વધારીને દેશના ૧૩૦ કરોડ અને ગુજરાતનાં ૬ કરોડ નાગરીકો પાસેથી ૧૭ લાખ કરોડ રૂપિયા વસુલ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડની કિમતમાં સતત ઘટાડો થતા દેશના નાગરોકો પાસેથી પેટ્રોલ ડીઝલનાં ઉચા ભાવ વસુલવામાં આવે તે કેટલે અંશે વ્યાજબી.? ભાજપ-મોદી સરકારનાં પેટ્રોલ ડીઝલનાં લુંટતંત્રમાંથી પ્રજાને રાહત મળે તે માટે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યવ્યાપી તાલુકા સ્તર પર ધરણા પ્રદર્શન યોજાયા. પેટ્રોલ – ડીઝલમાં ૧૮ દિવસમાં ૧૮ વખત ભાવ વધારો ઝીકનાર ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે આજ દરેક ભારતીય કોરોના મહામારી સામે એકજૂથ થઈને લડી રહ્યો છે બીજીબાજુ લોકડાઉનના કારણે ધંધા-રોજગાર પડી ભાગ્યા છે. જનવિરોધી ભાજપ સરકાર રોજી-રોટી પૂરી પાડવા, રોજગાર આપવા અને આર્થીક સંકટ દુર કરવાને બદલે રાત દિવસ ભારતીયોની પરસેવાની કમાણી લુંટવામાં વ્યસ્ત છે. વિશ્વ આખામાં જયારે કાચા તેલનો ભાવ સૌથી નીચા સ્તરે છે બીજીબાજુ કેન્દ્રની ભાજપ સરકાર નિર્દયતાથી સતત પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો કરી નફાખોરી કરે તે કેટલે અંશે વ્યાજબી? કોરોનાના કપરા સમયમાં પણ દેશના નાગરીકોના ખિસ્સામાં રૂપિયા નાખવાનું તો દુર તેમના પાસેથી કેવી રીતે ખિસ્સા ખાલી કરવા તેની હંમેશા તત્પર ભાજપ સરકારે૧૮ દિવસમાં ૧૮ વખત પેટ્રોલ-ડીઝલમાં આકારો ભાવ વધારો એ પોતાની જનવિરોધી નીતિઓનું સર્ટીફીકેટ છે. વર્ષ ૨૦૧૪ના મેં માં પેટ્રોલનો ભાવ લિટર દીઠ રૂ.૭૧.૪૧ હતો જે આજે ૭૯.૯૬ પ્રતિ લીટર થયો છે પેટ્રોલ પર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી વર્ષ ૨૦૧૪ મેં મહિનામાં રૂ ૯.૨૦ પ્રતિ લીટર હતી જેમાં અધધ વધારા સાથે આજે રૂ. ૩૨.૯૮ પ્રતિ લીટર થયો છે બીજી બાજુ વર્ષ ૨૦૧૪ મેં માં ક્રૂડ તેલનો ભાવ ઈ ૧૦૬.૮૫ પ્રતિ બેરલ હતો જે આજે માત્ર ઈ ૩૮ પ્રતિ બેરલ છે. તેમ છતાં આનો લાભ જનતાને આપવાને બદલે દેશના ૧૩૦ કરોડ નાગરીકોને લુંટી ભાજપ સરકાર પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે. જનવિરોધી ભાજપ સરકારે ૪ માર્ચ ૨૦૨૦ થી પેટ્રોલ ડીઝલમાં ૩ રૂપિયા ટેક્ષ વધારી દીધો. ત્યારબાદ મેં મહિનામાં પેટ્રોલ-ડીઝલમાં ક્રમશ ૧૦ રૂપિયા અને ૧૩ જેટલો વધારો કરી માત્ર ૪૮ દિવસોમાં ભાજપ સરકારે ૧૬ રૂપિયા ડીઝલ પર અને ૧૩ રૂપિયા પેટ્રોલ પર વધારીને વાર્ષિક ૧,૬૦,૦૦૦ કરોડ નાગરીકો પાસેથી ઉઘાડી લુટ કેમ? તેનો જવાબ ભાજપ આપે. ગુજરાત રાજ્ય હોય કે દેશ ભાજપ સરકારની જનવિરોધી નીતિઓને કારણે લાખો યુવાનો બેરોજગારીનાં મારમાં પીસાઈ રહ્યો છે. કેન્દ્રની ભાજપ સરકારએ વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૯-૨૦ સુધીનાં ૬ વર્ષમાં ૧૨ વખત પેટ્રોલ-ડીઝલ પર ટેક્ષ વધારીને ૧૩૦ કરોડ ભારતીયો પાસેથી ૧૭ લાખ કરોડ રૂપિયા વસુલ્યા છે બીજી બાજુ પ્રતિ બેરલ ભાવ નીચો હોવા છતાં નાગરીકોને કેમ લાભ આપ્યો નહિ ? ભાજપ સરકારની અણઆવડત, સદંતર નિષ્ફળ વ્યવસ્થાતંત્રને પગલે શાકભાજી,સીગતેલ, કપાસિયા, પામોલીન તેલમાં આગ ઝરતી તેજીએ ગરીબો અને મધ્યમ વર્ગની મુશ્કેલીમાં અસહ્ય વધારો કર્યો છે. "અચ્છે દિન"ની ગાણા ગાતા ભાજપા સત્તાધીશો, આગેવાનો, નેતાઓ જયારે દેશ અને ગુજરાતની જનતાને કોરોના મહામારીમાં સૌથી વધુ જરૂર હતી ત્યારે ભૂગર્ભમાં જતા રહ્યા હતા. કરવેરા, ભાવવધારો કરી લોકોના ખિસ્સા ખંખરી પોતાની તિજોરી છલકાવતી ભાજપ સરકાર નાગરીકોને સહાય, સુરક્ષા સહિતના તમામ મોરચે નિષ્ફળ નીવડી છે.આંતરરાષ્ટ્રીય કરન્સી એક્સચેન્જ દર મુજબ પાકિસ્તાનમાં "પેટ્રોલ"નાં ભાવ રૂ ૩૪.૪૪/લીની સરખામણીએ ભારતમાં રૂ ૭૯.૯૬ પ્રતિ લીટર શું કામે છે? આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડની કિમતમાં સતત ઘટાડો થતા દેશના નાગરોકો પાસેથી પેટ્રોલ ડીઝલનાં ઉચા ભાવ વસુલવામાં આવે તે કેટલે અંશે વ્યાજબી.? ભાજપ-મોદી સરકારનાં પેટ્રોલ ડીઝલનાં લુંટતંત્રમાંથી પ્રજાને રાહત મળે તે માટે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યવ્યાપી તાલુકા સ્તર પર ધરણા પ્રદર્શન યોજાયા.

વાસદ ચોકડીએથી રૂા. ૭૩૫૦૦ના વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે પકડાયા

વાસદ, વાસદ પોલીસે આજે બપોરના સુમારે વાસદ ચોકડીએ વોચ ગોઠવીને ૭૩૫૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા અને વિદેશી દારૂનો જથ્થા આપનાર શખ્સ સહિત કુલ ત્રણ વિરૂધ્ધ પ્રોહિબિશનનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર વાસદ પોલીસને હકીકત મળી હતી કે, સુરત તરફથી એક કારમાં વિદેશી દારૂનો જથ્થો સૌરાષ્ટ્ર તરફ જનાર છે. જેના આધારે પોલીસની ટીમ વાસદ ચોકડીએ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમ્યાન એક ઈકો કાર નંબર જીજે-૦૩, એચઆર-૫૮૧૮ની આવી ચઢતાં પોલીસે તેને અટકાવી હતી અને તપાસ કરતાં કારમાંથી બ્લેન્ડર્ડ સ્પ્રાઈડ વીસ્કીની ૧૨ બોટલો, સીગ્નેચરની ૨૪, રોયલ ચેલેન્જની ૫૬, બડવાઈજર મેગનમ બીયરના ૪૮ ટીન અને કીંગફીશર બીયરના ૭૧ ટીન મળીને કુલ ૭૩૫૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે પકડાયેલા બન્ને શખ્સોના નામઠામ પૂછતાં તેઓ ભાવનગર ખાતે રહેતા ઋષિરાજ નિરંજનભાઈ બારોટ અને દેવાંગ દિપકભાઈ પંડ્યા હોવાનું ખુલવા પામ્યું હતુ. તેઓની મેડિકલ તપાસ કરાવ્યા બાદ વિધિવત ધરપકડ કરવામાં આવશે. તેમની પૂછપરછમાં આ વિદેશી દારૂનો જથ્થો ફણસા ગામેથી ઉંમર સિંધી નામના શખ્સે આપ્યો હતો અને સૌરાષ્ટ્ર તરફ લઈ જવામાં આવનાર હોવાનું ખુલવા પામ્યું હતુ. પોલીસે વિદેશી દારૂ-બીયર, મોબાઈલ ફોનો તેમજ કાર સાથે કુલ ૩,૭૯,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને કાર્યવાહી હાથ ધરી છે.

તલોદમાં રૂ.૧.૯૦ લાખની લૂંટ, ચેન સ્નેચિંગ અને વાહનચોરી કરતી ટોળકીના પાંચ જણા ઝડપાયા

હિંમતનગર, તલોદ ખાતે થોડાક દિવસો અગાઉ થયેલ રૂા.૧.૯૦ લાખની લૂંટ ઉપરાંત જિલ્લા અને દહેગામ, વિસનગર, ગાંધીનગર સહિતના સ્થાનો પર ચેન સ્નેચીગ અને વાહનચોરીની ઘટનાઓને અંજામ આપનાર ટોળકીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે પ્રાંતિજના અમીનપુર તળાવ પાસેથી દબોચી લઇ રોકડ રકમ અને વાહન તેમજ મોબાઈલો મળી કુલ રૂા.૩.૪૫ લાખનો મુદા?માલ કબજે કર્યો છે. ઝડપાયેલ ગેંગના કેટલાક શખ્સોએ હિંમતનગર તેમજ ઇડરના ભાણપુર પાટીયાથી કાનપુર જતા માર્ગ પર ચેન સ્નેચીગ તેમજ વાહન ચોરીની ઘટનાને પણ અંજામ આપ્યાની કબૂલાત કરતા પોલીસે કુલ છ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. મજરા ટીઆર ચોકડી જતા રોડ પર ગત ૧૮ જૂનના રોજ સ્પોર્ટસ મોટરસાયકલ પર આવેલા બે શખ્સો દ્વારા રૂા.૧.૯૦ લાખની રોકડ મત્તા ભરેલ થેલાની બેગ લીફટીગ કરી ભાગી છૂટયા હતા. તલોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. ક્રાઈમ બ્રાન્ચને લૂંટની ઘટનામાં સંડોવાયેલ કેટલાક શખ્સો મંગળવારે બપોરના સુમારે અમીનપુર તળાવ પાસે ભાગબટાઇ કરવા માટે ભેગા થયાની બાતમી મળતા પોલીસે તે જગ્યા પર છાપો મારી કોર્ડન કરી પાંચ શખ્સોને વાહન અને મુદા?માલ સાથે ઝડપી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચના પી.આઇ. વી.આર.ચાવડાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. જે.પી.રાવ, જે.એમ.પરમાર અને બી.યુ.મુરીમાની ટીમે અમીનપુર તળાવ પાસે કાળા કલરની એફઝેડ બાઈક અને સફેદ કલરના એકટીવા તેમજ ટીવીએસ મોટરસાયકલ સાથે આવેલા શખ્સોને કોર્ડન કરી દબોચી લીધા હતા. ઘટના સ્થળેથી ઝડપાયેલા પાંચેય શખ્સો પાસેથી રોકડ, વાહનો, મોબાઈલ સહિતનો મુદા?માલ મળી આવતા કુલ રૂા.૩.૪૫ લાખનો મુદા?માલ કબજે લઇ પોલીસે પાંચેયને અટક કરી પુછતાછ કરી હતી. જેમાં અમીનપુરના ભાથીજી ઉર્ફે અજીત ઉર્ફે માયા બાપુજી મકવાણા તેમજ આદીલ મહંમદ ઈલીયાસ શેખે ભેગા મળી છેલ્લા કેટલાક સમયથી દહેગામ કેનાલ વાળા રોડ પર, વિસનગર, ગાંધીનગર તથા ઇડર ખાતે ભાણપુર પાટીયાથી કાનપુર બાજુ જતા હાઈવે માર્ગ પર ચેન સ્નેચીગ કર્યાની કબૂલાત કરી હતી.

homefirst
We'll take you home

હોમ ફર્સ્ટ ફાયનાન્સ કંપની ઈન્ડિયા લિમીટેડ
સીઆઈએન: U65990MH2010PTC240703, વેબસાઈટ : homefirstindia.com
ફોન નં. : 180030008425, ઈ-મેલ આઈડી: loanfirst@homefirstindia.com

હરાજીની તારીખ/સમય ૨૭/૦૭/૨૦૨૦ સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી વધારાના ૫ મિનિટના સમયગાળા સાથે
ઈ.એમ.ડી. અને દસ્તાવેજ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન અને હાર્ડ કોપી તા. ૨૫/૦૭/૨૦૨૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી)

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના નં. ૫૪) મુજબ 'હોમ ફર્સ્ટ' પાસે સ્થાવર અને જંગમ મિલકતો ગિરવે મૂકેલ છે. જેમાં, **હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ (હોમ ફર્સ્ટ તરીકે ઓળખાય છે)** ના **તા. ૧૮/૦૩/૨૦૨૦**ના રોજ કલમ ૧૩(૨) **હેઠળ જારી કરેલી નોટીસને અનુસાર નીચેની મીલકત/તોનો કબજો લીધેલ છે.** તે નીચેના ધિરાણ ખાતામાં બેંકમા લેણા વત્તા આપેલ વિગતો મુજબ વ્યાજની વસૂલી માટે તેમ જ બાકી લેણા ભરપાઈ કરવામાં કરેલ કસૂરથી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ સાથે વેચાણ લેતા એ મિલકતને **"જ્યાં છે જેમ છે અને જે છે તે છે"** આધારે વેચાણ કરવાના અધિકારથી નીચે સહી કરનાર કથિત કાયદાના સેકશન ૧૩(૧૨)ની જોગવાઈએ મળેલ સત્તાની રૂએ કથિત મિલકત/તો વેચીને બેંકનું લેણુ વસૂલ કરવાનો પ્રત્સાવ મૂકે છે. નીચે સહી કરનાર દ્વારા વેબ પોર્ટલ (https://sarfaesi.auctiontiger.net). પર આપેલ ઈ-હરાજી પ્લેટફોર્મ પર વેચાણ કરવામાં આવશે. **બીડ વધારવાની રકમ રૂા.૧૦,૦૦૦/- છે.**

ખાતા/જામીનદારનું નામ	સ્થાવર મિલકતનું વર્ણન /મિલકતના માલિક	બાકી રકમ	અનામત કિમત (રૂા.)	ઓનસાઈટ મિલકત ઈન્શપેકશનની તારીખ અને સમય	ઈએમડી(રૂા.) અને કેવાયસી જમા કરાવવાની છેલ્લી તારીખ	ઈ-હરાજીની તારીખ/ સમય
		ડિમાન્ડ નોટિસ તારીખ	અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી)(રૂા.)			
કરજદાર : હેમંતકુમાર નાથાલાલ રાઠોડ	ઈ-૩૦૬, કે જેનો કાર્પેટ એરીયા ૫૬૨ સ્કે. ફીટ અને ૫૨.૨૧ સ્કે. મીટર, ડીબીએસ, ઉમંગ લંભા, પેટ્રોલ પંપની પાછળ, એનચ-૮ ની પાસે, લંભા, અમદાવાદ.	રૂા.૪,૪૪,૫૦૯/- તા. ૦૩/૦૧/૨૦૨૦ સુધીનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ.	રૂા. ૪,૭૫,૦૦૦/-	૨૯/૦૬/૨૦૨૦ થી ૧૩/૦૭/૨૦૨૦ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (અધિકૃત અધિકારી, આલોક ભારદ્વાજ મો.૯૪૨૬૪૨૨૬૮૧)	૨૫/૦૭/૨૦૨૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી	૨૭/૦૭/૨૦૨૦ સવારે ૧૧ થી બપોરે ૨ સુધી વધારાના ૫ મિનિટના સમગચગાળા સાથે
		તા. ૦૩/૦૧/૨૦૨૦	રૂા.૪૭,૫૦૦/- અનામત ૧૦%			

ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર	માહિતી માટે ઈ-હરાજી વેબસાઈટ	ઈએમડી/અન્ય રકમ ડિપોઝીટ કરવા માટે ખાતા નંબર	શાખા IFSC કોડ	લાભાર્થીનું નામ
મેસર્સ ઈ- પ્રોકયોરમેન્ટ ટેકનોલોજીસ લિ. – ઓકશન ટાઇગર, કોન્ટેકટ પર્સન : શ્રી હાર્દિક ગૌસ્વામી (હેડ ઓફીસ) ૦૭૯ ૬૧૨૦૦૫૫૪/૯૯૭૮૪૩૪૭૭૩ શ્રી આકાશ ખરે (રીજીયનલ એઝીક્યુટીવ) ૯૮૩૩૩૯૮૫૪૭ હેલ્પ લાઈન નં. : ૯૨૬૫૫૬૨૮૨૧ – ૦૭૯૬૮૧૩૬૮૩૭/૮૪૨/૮૮૧/૮૮૦ Mail id-maharashtra@auctiontiger.net, support@auctiontiger.net	http://www.homefirstindia.com https://sarfaesi.auctiontiger.net	912020036268117- હોમ ફર્સ્ટ ફાયનાન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ, એક્સિસ બેંક લિ. MIDC, અંધેરી ઈસ્ટ	UTIB0000395	અધિકૃત અધિકારી, હોમ ફર્સ્ટ ફાયનાન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ,

નિયમો અને શરતો : ઈ-હરાજી **"જ્યાં છે જેમ છે અને જે છે તે છે"** આધારે યોજાશે અને "ઓનલાઈન" કરવામાં આવશે. હરાજી બેંકના માન્ય સર્વિસ પ્રોવાઈડર **મે. ઈ-પ્રોકયોરમેન્ટ ટેકનોલોજીસ લિ.-ઓકશન ટાઈગર** દ્વારા વેબ પોર્ટલ https://sarfaesi.auctiontiger.net, પર કરવામાં આવશે. ઓનલાઈન ઈ-હરાજી અંગેના બીડ ફોર્મ, ડેકલેરેશન, ઈ-હરાજીના સામાન્ય નિયમો અને શરતો ધરાવતા ઈ-હરાજી ટેન્ડર દસ્તાવેજ પોર્ટલની સાઈટ પર ઉપલબ્ધ છે.

અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ જાણકારી મુજબ કોઈ પણ મિલકત પર કોઈ ભારણ નથી. તેમ છતાં, ઈચ્છુક બીડરોએ તેમનું બીડ જમા કરાવતા પહેલાં ભારણ, હરાજીમાં મૂકેલ મિલકત/તોનું ટાઈટલ, મિલકતને અસર કરતા દાવા/અધિકાર/બાકીલેણાં અંગે સ્વતંત્ર રીતે તપાસ કરાવી લેવી. ઈ-હરાજીની જાહેરાત **હોમ ફર્સ્ટ**નું કોઈ પ્રતિનિધિત્વ કે તેનું કોઈ વચન આપવા બંધાયેલ નથી કે બંધાશે નહીં. મિલકતનું વેચાણ તેની પરના હાલના તેમજ ભવિષ્યના તમામ કરબોજ ભલે તે **હોમ ફર્સ્ટ**ને જાણ્યા-અજાણ્યા હોય તે તમામની સાથે થશે. અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદાર ક્યારેય અને કોઈ પણ રીતે ત્રીજા પક્ષના દાવા/અધિકારી/બાકીલેણા અંગે જવાબદાર રહેશે નહીં.

વેચાણ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ દર્શાવેલ નિયમો/શરતોને આધીન થશે. ઈ-હરાજીના અન્ય નિયમો અને શરતો નીચેની વેબસાઈટ્સ પર પ્રકાશિત થયેલ છે.

01. http://www.homefirstindia.com, 02. https://sarfaesi.auctiontiger.net,

સરફેસી એક્ટ ૨૦૦૨ના નિયમ હેઠળ ૩૦ દિવસની વિધીવત વેચાણ નોટિસ

દેવાદારો/જામીનદારોને આ નોટિસ મારફતે ઉપરોક્ત જણાવેલ બાકી લેણાંની રકમ તથા ચડત વ્યાજ અને આનુષંગીક ખર્ચાઓ સાથે જાહેર હરાજીની તારીખ પહેલા ચૂકવવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો ઉપરોક્ત મિલકતોની જાહેર હરાજી/વેચાણ કરી બાકી રહેતી રકમ વ્યાજ અને ખર્ચાઓ સાથે વસૂલાત કરવા કાનૂની રાહે પગલાં લેવામાં આવશે.

તારીખ : ૨૬.૦૬.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

સહી/- અધિકૃત અધિકારી,
હોમ ફર્સ્ટ ફાયનાન્સ કંપની ઈન્ડિયા લિમિટેડ

૨૭ જૂન ૨૦૨૦થી બહુચરાજી રેલવે સ્ટેશન પર આરક્ષણ કાઉન્ટર બંધ રહેશે

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના બહુચરાજી રેલવે સ્ટેશન પર વર્તમાનમાં મીટરગેજથી બ્રોડગેજમાં ગેજ પરિવર્તનનું કાર્ય પ્રગતિ પર છે. આ કારણથી ૨૭ જૂન ૨૦૨૦થી આગળ સૂચના મળે ત્યાં સુધી બહુચરાજી રેલવે સ્ટેશન પર આરક્ષણ કાઉંટર બંધ રહેશે.